

વરસાદે હમણાં વિરામ લીધો છે. ઉઘાડ નીકળતા વાતાવરણ ખુશનુમા બન્યુ છે. વરસાદના કારણે ચારેબાજુ લીલોતરી છવાઈ ગઈ છે. પ્રકૃતિ જાણે સોળે કળાએ ખીલી ઉઠી હોય તેમ લાગી રહ્યુ છે. આ ખુશનુમા વાતાવરણમાં શહેરમાં હરવા ફરવાની મોજ પડી ગઈ છે. વહેલી સવારે અને સાંજે નગરજનો મોર્નિંગ વૉક અને ઈવનીંગ વૉક કરવા નીકળી પડે છે અને ખુશનુમા વાતાવરણનો આનંદ માણે છે.

# વાવોલ, સરગાસણ અને કુડાસણમાં ગુડા ૧૫ સપ્ટેમ્બરે ત્રણ પ્લોટની હરાજી કરશે

**પ્લોટની ઓનલાઇન હરાજી સંદર્ભે ૧ થી ૯ ઓગષ્ટ દરમિયાન રજીસ્ટ્રેશનની પ્રક્રીયા હાથ ધરાશે : પ્લોટની તળિયાની કીંમતની એક ટકા રકમનો ચેક ડિપોઝિટ તરીકે આપવો પડશે : રહેણાંક હેતુના ત્રણ પ્લોટની તળિયાની કિંમત ૬૨.૫૦ કરોડ**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણ, કુડાસણ અને વાવોલમાં રહેણાંકના ત્રણ પ્લોટની હરાજી કરાશે અંદાજિત ૬૨.૫૦ કરોડની તળિયાની કીંમત ધરાવતા આ ત્રણેય પ્લોટની ઓનલાઈન હરાજી કરવા આગામી તા ૧૫ સપ્ટેમ્બરે પ્રક્રીયા હાથ ધરાશે તા ૧ થી ૯ ઓગષ્ટ દરમિયાન હરાજીમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે પ્લોટની હરાજીના અંતે ગુડાને નવી આવક ઉભી થશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ગત બોર્ડ બેઠક દરમિયાન ગુડાને નવી આવક ઉભી થાય તે માટે અનામત પ્લોટનુ વેચાણ કરવા નિર્ણય લેવાયો હતો. જયારે આ અન્વયે વિવિધ ૧૩ પ્લોટની વેચાણમાં મુકવા માટે પસંદગી પણ કરવામાં આવી હતી જયારે આ પ્રક્રીયાને આગળ ધપાવવા માટે આ પ્લોટની લેન્ડ પ્રાઈઝ કમિટિને મોકલીને તળિયાની કીંમત નક્કી કરવા માટે પણ દરખાસ્ત કરાઈ હતી જયારે કમિટી દ્વારા ભાવ નિર્ધારિત કરી દેવાતા ૧૩ પૈકીના ૩ પ્લોટ પ્રથમ તબક્કે ઓનલાઈન હરાજી કરી વેચવા માટે પણ ગુડા દ્વારા નિર્ણય લેવાયો છે. આ મામલે ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ટાઉન પ્લાનીંગ સ્કીમ નં-૬ ના વિસ્તારમાં પોદાર ઈન્ટરનેશન સ્કુલ પાછળ સ્થિત ૫૫૩૯ ચો મી ના પ્લોટની તળિયાની કીંમત ૪૦, ૪૩, ૪૭૦૦૦ અલબત્ત પ્રતિ ચોમીના રૂ ૭૩૦૦૦ નિયત કરાયા છે. જયારે ટાઉન પ્લાનીંગ સ્કીમ નં-૭ સરગાસણ વિસ્તારમાં નેનો સીટી નજીક સ્થિત ૨૧૩૬ ચો મી ના પ્લોટમાં પ્રતિ ચો મી તળિયાની કીંમત ૫૧૦૦૦ નક્કી કરવામાં આવી છે. જેની કુલ કીંમત ૧૦,૮૯,૩૬૦૦૦ થાય છે. જયારે બીજીતરફ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં-૧૩ ના વાવોલ વિસ્તારમાં શિવેશ ૧૮૨ નજીક સ્થિત ૨૭૨૯ ચો મી ના પ્લોટમાં પ્રતિચોમી તળિયાની કીંમત ૪૦,૯૦૦ નક્કી કરવામાં આવી છે. આ પ્લોટની કુલ કિંમત ૧૧, ૧૬.૧૬,૧૦૦ થાય છે. જયારે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આ ત્રણેય પ્લોટની ઓનલાઈન હરાજી આગામી તા ૧૫ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે જો કે તા ૧ થી ૯ ઓગષ્ટ દરમિયાન ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રીયા હાથ ધરાશે. આ અન્વયે મુદત વધુ આપવામાં આવી છે કેમ કે હરાજીમાં ભાગ લેનારે પ્લોટની તળિયાનુ કુલ કીંમતના એક ટકાની રકમનો ચેક ડિપોઝીટ તરીકે આપવાની રહેશે. જયારે ટી પી સ્કીમ ૧૩ માં રહેણાંક હેતુના પ્લોટની ગત માર્ચ મહીનામાં હરાજી આધારે વેચાણ પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જેમાં ગુડાને રૂ ૫.૩૧ કરોડની આવક થઈ હતી. જેમાં ગુડા દ્વારા પ્રતિ ચો મી તળિયાની કિંમત રૂ ૨૮૩૦૦ ની સામે ૨૯૭૦૦ ની બોલી લાગી હતી જેથી ગુડાને પ્રતિ મીટર રૂ ૧૪૦૦ ની વધુ આવક થઈ હતી.

# ગુડા દ્વારા આગામી ૫ ઓગષ્ટે ૮૧ મકાનોનો ડ્રો કરવામાં આવશે

**આર્થિક રીતે નબળ પરિવારો માટેના આવાસોના ડ્રો સંદર્ભે ગુડાને ૩૬૬૮ અરજીઓ મળી**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આર્થિક રીતે નબળા પરિવારો માટે બાંધવામાં આવેલા આવાસો મામલે બાકી રહેલા આવાસો સંદર્ભે આગામી તા ૫ ઓગષ્ટના રોજ ડ્રોની પ્રક્રીયા હાથ ધરાશે જયારે ૮૧ આવાસોના ડ્રો સંદર્ભે ગુડાને ૩૬૬૮ જેટલી અરજી મળી છે. ગુડાની કચેરીમાં જ ઓનલાઈન ડ્રો કરવાની પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અત્યાર સુધી બાંધવામાં આવેલા આર્થિક રીતે નબળા પરિવાર માટેના ૮૧ આવાસો માટે તા ૫ ઓગષ્ટના રોજ ડ્રો ની પ્રક્રીયા હાથ ધરાશે ગુડાના આ બાકી આવાસો સંદર્ભે કુલ ૩૬૬૮ અરજીઓ મળી છે. કુડાસણ અને સરગાસણમાં ૭૨૮ પૈકીના ૬૪૯ આવાસોની ફાળવણી માટે પણ થોડા સમય અગાઉ પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર વર્ષ ૨૦૧૯ માં કુડાસણમાં ૩૩૬ અને સરગાસણમાં ૩૯૨ એમ કુલ ૭૨૮ ફ્લેટ ટાઈપ આવાસોનુ બાંધકામ કરવામાં આવ્યુ હતુ. જયારે આ આવાસો ફાળવવા માટે જુન ૨૦૨૦ માં ઓનલાઈન ડ્રો કરવામાં આવ્યો હતો જેના અંતે લાભાર્થીઓને મકાન ફાળવી દેવામાં આવ્યા હતા.

જયારે આ વેળાએ આવાસની સામે કુલ ૫૮૩૮ અરજીઓ મળી હતી જેમાંથી ૧૩૪૫ અરજીઓ નામંજુર કરવામાં આવી હતી જયારે બાકી રહેલી ૪૪૯૩ અરજીઓનો ડ્રો કરી લાભાર્થીઓને કુલ ૬૪૯ મકાનો ફાળવી દેવાયા હતા. ગુડાના આ આવાસોની ફાળવણી અન્વયે ડિફેન્સ માટે ૧૦ ટકા અનુસુચિત જનજાતિ માટે ૧૪ ટકા, અનુસુચિત જાતિ માટે ૭ ટકા અને બક્ષીપંચ માટે ૧૦ ટકા અને અંધજનો માટે ૫ ટકા આવાસ અનામત રાખીને ડ્રો કરવામાં આવે છે. જયારે આ અન્વયે આ કેટેગરી માટે અનામત રાખેલા પૈકી ૭૯ આવાસ માટે લાભાર્થી મળ્યા ન હતા. આ ઉપરાંત બે આવાસો લાભાર્થીઓ દ્વારા પરત કરાયા હતા. જયારે આ પરત થયેલા મકાનો બાદ ફાળવણી માટે કુલ ૮૧ આવાસ માટે આગામી તા ૫ ઓગષ્ટના રોજ ગુડાની કચેરીએ ઓનલાઈન ડ્રો નુ આયોજન કરાયુ છે. જયારે આ આવાસો માટે કુલ ૩૬૬૮ અરજદારોએ અરજી કરી છે. જયારે આ અરજદારોએ રજુ કરેલા દસ્તાવેજોની ચકાસણી સહીત તમામ અરજીઓની સ્કુટીની પણ કરી દેવામાં આવી છે.

# આજે જિલ્લામાં નાયબ નિરીક્ષક વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષા

**૨૧,૬૦૦ નોંધાયેલા ઉમેદવારો : જિલ્લામાં આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ૭૨ કેન્દ્રો નિયત કરાયા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં આજે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નાયબ નિરિક્ષક વર્ગ-૩ માટે ભાગ-૧ની સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં આ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે ૭૨ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૫૧, કલોલમાં ૫, માણસામાં ૭, ચાંદખેડામાં ૬, મોટેરામાં ૩ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આ પરીક્ષા માટે ૨૧,૬૦૦ ઉમેદવારો નોંધાયેલા છે. પરીક્ષાના પ્રશ્નપત્રો લઈ જવા તેમજ પરત લઈ આવવા માટે તંત્ર દ્વારા ૧૮ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

પરીક્ષા કેન્દ્રમાં એક કલાક પહેલાં પ્રવેશ આપવામાં આવશે. પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારના વીજાણુ સાધનો લઈ જવા દેવામાં આવશે નહિ.

મળતી વિગતો મુજબ સ્પર્ધાત્મક પરીક્ષા ૧૧ વાગે શરૂ થશે. સંપૂર્ણ હેતુલક્ષી કસોટી છે. આ પરીક્ષાનો સમય એક કલાક રહેશે. પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. પરીક્ષા કેન્દ્રની આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવાના રહેશે.

શહેરના જાહેર જીવનને બહારગામથી આવનારા યુવાનોની અવરજવરથી ભરચકતા લાગશે સાથોસાથ ચા-નાસ્તા અને ભોજન માટેની લારી-ગલ્લાઓ પણ વ્યાપક રૂપે તૈયારીઓ કરે છે.

# સંક્રમણ ઘટ્યુ : શહેરમાં નવા ૨૮ તો ગ્રામ્ય વિસ્તારમાં ૩૧ કેસ નોંધાયા

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૪ કેસ, ગાંધીનગરમાં ૯ કેસ, કલોલમાં ૧૩ કેસ અને માણસામાં ૫ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૨, ૨૯, સરગાસણ, વાવોલમાં ૩-૩ કેસ, સે. ૮, ૨૫, ૩૦ અને કુડાસણમાં ૨-૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત સે. ૧, ૧૨, ૧૪, ૨૩, બોરીજ, કોલવડા, પેથાપુર, રાંદેસણમાંથી કેસ મળી આવેલ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં સંક્રમણમાં ઘટાડો જોવા મળી રહ્યો છે પરંતુ નવા નવા વિસ્તારોમાં કોરોના વિસ્તર્યો હોવાથી તંત્રની ચિંતા ઘટવાનું નામ નથી લેતી. ગાંધીનગર શહેર-જિલ્લામાં ૫૯ કેસ આજે નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૨૮ કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં ૩૧ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓ તેમજ ટીનેજર્સ અને મોટી વયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા દર્દીઓ કરતાં રિકવર થયેલા દર્દીઓ જેમને આજે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે તેની સંખ્યા વધારે છે. શહેરમાં ૩૪ દર્દીઓ રિકવર થતાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

રિકવરી રેટ સારો હોવા ઉપરાંત કોરોનાના હળવા લક્ષણો દર્દીઓમાં દેખાતા હોવાથી હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧ કેસ નોંધાયા છે. જેમાં ૧૫ મહિલા દર્દી અને ૬ દર્દી ૬૦ થી વધુ વયના નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૪ કેસ, ગાંધીનગરમાં ૯ કેસ, કલોલમાં ૧૩ કેસ અને માણસામાં ૫ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાંથી વધુ ૨ કેસ તેમજ રખિયાલ અને કડાદરા ગામેથી કેસો મળી રહ્યા છે. દહેગામ શહેરમાં કેસોની સંખ્યા વધતાં સર્વેલન્સ સઘન કરવાની સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર તાલુકામાં અડાલજ ગામેથી ૩ કેસ અને માધવગઢમાંથી ૨ કેસ ઉપરાંત દંતાલી, મોતીપુરા, ઉનાવા અને ઉવારસદમાંથી કેસો મળી રહ્યા છે. તાલુકાની પૂર્વ પટ્ટીમાંથી આ વખતે જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વર્ષો જૂના કાટમાળનો કચરો હટાવો

**જર્જરિત થયેલા સરકારી મકાનો તોડીને તેનો કાટમાળ અને કચરો શહેરમાં જે-તે વિસ્તારોમાં પડેલો છે તે દૂર કરવાની કામગીરી મનપા દ્વારા હાથ ધરાવાની હતી પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં વર્ષો જૂના મકાનો ખખડધજ બની જતા ઘણા મકાનો પાડી દેવાયા હતા. જેનો કાટમાળનો જે તે જગ્યા પર ઢગલો કર્યો હોવાના કારણે હાલમાં ચોમાસાની સિઝનમાં વરસાદી પાણીનો ભરાવો થઈ રહ્યો છે. આ સાથે મોટા મોટા ભૂંગળા અને પાઈપલાઈનો પણ સેક્ટરોમાં પડી રહેલા જોવા મળી છે. જેમાં પાણીનો ભરાવો થવાથી મચ્છરોનો ઉપદ્રવ વધવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત મકાનોના ધાબાઓ ઉપર ટાયરોમાં વરસાદી પાણી ભરાઈ રહેતા મચ્છરોના પોરા ઉત્પન્ન થઈ શકે છે.

ગાંધીનગર મનપા દ્વારા શહેરમાં જે તે સ્થળ જગ્યાઓ પરનો કાટમાળ દૂર કરવા માટેની કવાયત હાથ ધરવાની હતી પરંતુ હજુ સુધી કોઈ કવાયત હાથ ધરાઈ નથી તેથી શહેરમાં પાણી ભરાવાની સમસ્યાનું કારણ આ પણ છે.

શહેરમાં નવા નવા કન્સ્ટ્રક્શન વિકાસ પામી રહ્યા છે જેમાં જૂના મકાનો તોડીને તેનો કાટમાળ આસપાસના ખુલ્લા વિસ્તારોમાં ઠાલવતા તે કાટમાળ ત્યાંજ પડી રહે છે અને બિન ઉપયોગી રીતે પડી રહેલા આ કાટમાળ વર્ષાઋતુમાં શહેરીજનો માટે નડતરરૂપ બન્યો છે. ગાંધીનગરમાં સમાવિષ્ટ નવા ગામોમાં પણ આ જ સ્થિતિ થઈ ગઈ છે. જ્યાં કચરાના ઢગલાઓ જાહેરમાં પડેલા જોવા મળી રહ્યા છે. ન્યુ વાવોલ વિસ્તારમાં ગુડાની જમીન પાસે કચરાના ઢગલા પડી રહ્યા છે. જે આસપાસ ફેલાઈ રહ્યો છે.



ચોમાસાના દિવસોમાં ભારે વરસાદ આવતા શહેરમાં પાણીનો ભરાવો થઈ જાય છે. જો કે શહેરમાં સામાન્ય વરસાદી માહોલમાં પણ પાણી ભરાઈ જતા હોય છે. સરકારી મકાનોને તોડીને નવા સરકારી આવાસો નિર્માણ કરાયા છે. એ વિસ્તારમાં પણ કાટમાળનો કચરો પડેલો જોવા મળી રહ્યો છે. શહેરમાં વર્ષોથી પડી રહેલો આ કાટમાળ જવાબદાર તંત્ર ક્યારે દૂર કરશે તે પણ પ્રશ્ન ઉઠી રહ્યા છે. શહેરમાં યોગ્ય સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. દરરોજની સફાઈ કામગીરી થઈ રહી નથી તેથી વરસાદી દિવસોમાં શહેરમાં કચરો અને ગંદકીના દશ્યો જોવા મળી રહ્યા છે.શહેરીજનોની નાની-મોટી સમસ્યાઓ માટે ગાંધીનગર મનપા દ્વારા ટોલ ફ્રી નંબર સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. જેમાં અઢળક ફોન દ્વારા ફરિયાદો આવી રહી છે. વરસાદી દિવસોમાં સૌથી વધુ ફોન આવી રહ્યા છે તેથી તંત્ર પણ દોડતુ થયું છે.

# સે-૩બીમાં છેલ્લા બે સપ્તાહથી ગટરો ઉભરાતા સ્થાનિક રહીશોને ગુંગળામણ

**સ્થાનિક ઇન્કવાયરી કચેરીને રજુઆત છતા કોઇ પગલા લેવાતા નથી : ઘર આંગણે દુષિત પાણીના ભરાવાથી સ્થાનિકોના આરોગ્ય સામે ખતરો**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના સેકટરોમાં એકબાજુ ગટરની નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે બીજીતરફ ગટરો ઉભરાવાની ફરિયાદો પણ સતત ઉઠતી રહે છે. વર્ષો જુની લાઇનના લીધે વારંવાર ગટર લાઇન ઉભરાતી રહેતા સ્થાનિકો પરેશાન છે. શહેરના સે- ૩ બી માં પણ છેલ્લા બે સપ્તાહથી ગટરો ઉભરાતા રહીશોના ઘર આંગણે જ દુષિત પાણીનો ભરાવો થાય છે જેના લીધે ગુંગળામણ અનુભવતા રહીશો રોગચાળાની દહેશત પણ વ્યકત કરી રહ્યા છે. આ મામલે ત્વરિત સમસ્યાનુ નિરાકરણ આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઇન નાંખવામાં આવી રહી છે. દાયકાઓ જુની લાઇન બદલીને નવી લાઇન નાખવા માટે કામ હાથ ધરાયુ છે. વર્ષો જુની લાઇન સક્ષમ ન હોવાના લીધે વારંવાર સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો ઉદભવે છે. જો કે નવી લાઇન નાંખવાનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં નવી લાઇન નાંખવાનુ કામ હાલ પ્રાથમિક તબક્કામાં ચાલી રહ્યુ છે જયારે આ કામગીરી પુર્ણ થયાના આરે સેકટરોમાં ગટરોની સમસ્યાનો અંત આવશે તેમ મનાઇ રહ્યુ છે. પરંતુ હાલની સ્થિતિએ સેકટરોમાં ઉભરાતી ગટરોની ફરિયાદો ડામવા માટે તંત્રએ નવી લાઇન નાંખવાની કામગીરીની સાથે ખાનગી એજન્સીને ફરિયાદો ડામવા માટે કામ સોંપ્યુ છે. ત્યારે સેકટરોમાં ગટરોના દુષિત પાણી સ્થાનિકો માટે માથાનો દુખાવો બનતા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. હાલ સે - ૩ બી માં છેલ્લા કેટલાક દિવસોથી ગટરો ઉભરાતા સ્થાનિકો પરેશાન છે. સેકટરના પ્લોટ નં -૨૫૦ થી ૨૬૦ ના વિસ્તારમાં છેલ્લા બે સ્પતાહથી ગટરોની સમસ્યા ઉદભવી છે. આ મામલે સ્થાનિકોએ સે - ૩ ની ઈન્કવાયરી કચેરીમાં પણ અનેકવાર ફરિયાદો કરી છે. પરંતુ સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી જયારે બીજીતરફ ઘર આંગણે ઉભરાતા દુષિત પાણીના લીધે રહીશો અસહ્ય દુર્ગંધના લીધે ઘરની બહાર પણ નિકળી શકતા નથી આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોના આરોગ્ય સામે પણ જોખમ ઉભુ થયુ છે. રહીશોની સમસ્યાનો ત્વરિત અંત આવે તે માટે સેકટરવાસીઓએ પ્રબળ માંગણી કરી છે.




## પોલીસ કર્મચારી ગ્રાહક સહકારી ભંડાર ગાંધીનગર તરફથી

આથી પોલીસ કર્મચારી ગ્રાહક સહકારી ભંડાર ગાંધીનગરના સભાસદોને જણાવવામાં આવે છે કે, હજુ કેટલાક સભાસદો શેર સર્ટી જમા કરાવી થતી રકમ લઈ ગયેલ નથી. તો, બાકી રહેતા સભાસદોએ પોતાના શેર સર્ટી જમા કરાવી પૈસા નીચે જણાવેલ વ્યક્તિ પાસેથી લઈ જવા વિનંતી છે. નાણાં તા. ૩૧-૧૦-૨૦૨૨ સુધીમાં લઈ જવાના રહેશે. ત્યારબાદ વધેલ નાણા સરકારશ્રીમાં જણા કરાવવામાં આવશે.

(૧) **શ્રી જસવંતસિંહ રઘુભા ગોહિલ**
રીટાયર્ડ પોલીસ ઈન્સ્પેક્ટર
મો. નં. ૯૪૨૬૪ ૧૨૮૩૨
(સમય : સવારના ૧૦-૦૦થી ૧૩-૦૦
તેઓ ગાંધીનગર શ્રી કચ્છ કાઢિયાવાડ રાજપૂત સેવા સમાજની ઓફીસ, બ્લોક નં. ૧૪૬/૪, ચ-ટાઈપ, હનુમાનજી મંદિર પાસે, સેક્ટર-૧૭ ખાતે બેસે છે.

(૨) **શ્રી એસ. કે. ઝાલા**
રીટાયર્ડ કચેરી અધિક્ષક,
સેક્ટર-૨/સી, પ્લોટ નં. ૮૬૫/૧,
'ઘ-૨' નજીક, ગાંધીનગર.
મો. નં. ૯૮૯૮૦૩૮૬૯૩

(૩) **શ્રી નિલેન્દુભાઈ વોરા**
રીટાયર્ડ કચેરી અધિક્ષક,
સેક્ટર-૫/એ, પ્લોટ નં. ૪૪૫/૨,
અંબાજી મંદિર પાસે,
ગાંધીનગર. મો. નં. ૯૪૨૭૮ ૦૧૪૦૩

● ઉપરોક્ત ગમે તે વ્યક્તિ પાસેથી નાણા મળી શકશે.

સહી/-
(જસવંતસિંહ ગોહિલ)
પોલીસ કર્મચારી ગ્રાહક
સહકારી ભંડાર વતી

તા. ૨૮/૨/૨૦૨૨

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com